# પીંપળજ ગામના અસરગ્રસ્ત ખેડૂતોએ બાંયો ચડાવવાનો કર્યો નિર્ધાર

**ભારતમાલા પ્રોજેક્ટથી અસરગ્રસ્ત ખેડૂત હિતરક્ષક સમિતિ બનવાઇ : આગામી તા. ૧૧મીથી ભારતીય કિસાન સંઘ સાથે મળીને દેખાવો યોજશે : ગાંધી ચિંધ્યાં માર્ગે લડત આપશે પરંતુ જરૂર પડે ચક્કાજામ પણ કરશે**

ગાંધીનગર, તા.૦૬

ગાંધીનગર જિલ્લામાં ભારત સરકાર દ્વારા ભારતમાલા પ્રોજેક્ટની કામગીરી શરૂ કરી દેવાઈ છે. દેશવ્યાપી રોડ અને હાઈવે નેટવર્કના આ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગરના પીંપળજ ગામે આશરે ૧૪૦ જેટલાં ખેડૂતોની પિયત ફળદ્રુપ જમીનો જેમાં લગભગ ૨૦૦થી વધુ સર્વે નંબરોને અસર થઈ રહી છે જેમાં અનેક ખેડૂતો સાવ જમીન વિહોણા થઈ જાય તેવી સ્થિતિ છે તેના કારણે ખેડૂતો અને ગ્રામજનોમાં આક્રોશ છે તેવું જણાવતાં પીંપળજ ગામના અસરગ્રસ્ત ખેડૂત હિતરક્ષક મંડળના પ્રમુખ યોગેન્દ્રસિંહ વાઘેલાએ કહ્યું હતું કે "જો સરકાર અમારી વ્યથાને સમજીને યોગ્ય ઉકેલ નહીં આપે તો અમે અમારી મહામુલી જમીન બચાવવા છેક સુધી લડી લઈશું." અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં પીંપળજ ગામે અંબાજી માતાના મંદિરે ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતોની એક બેઠક યોજાઈ હતી જેમાં ખેડૂત હિતરક્ષક સમિતિની રચના કરવામાં આવી હતી.

ખેડૂત હિતરક્ષક સમિતિના પ્રમુખ યોગેન્દ્રસિંહ વાઘેલાએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે "જાહેર કરાયેલા ગેજેટ મુજબ હવે ભારતમાલા હાઈવે અમારા ગામની માત્ર આશરે ૧૦૦મીટર દૂરથી જ પસાર થશે જેના કારણે અકસ્માતનો ભય, ઘોંઘાટ અને હાઈવેના દૂષણો સહિત ગામને લાંબા ગાળે પ્રદૂષણની પણ અસર નડશે. વળી સરકાર ખેડૂતોને જે વળતર આપશે તે જંત્રી આધારિત હશે જેમાં જંત્રીના ચાર કે પાંચ ગણું વળતર હશે પરંતુ હાલ અમારી જમીનનો ભાવ બજારમાં ખૂબ વધુ છે. અમારી જમીનો ફળદ્રુપ અને પિયત જમીનો છે જેથી જો સરકાર અમને નદી કિનારા પાસેની સરકાર હસ્તકની જમીન વળતર સાથે આપવામાં આવે તો અમારી આજીવિકા પણ જળવાઈ રહેશે અન્યથા અમારા માટે ઉગ્ર અંદોલન સિવાય અન્ય કોઈ આરો નથી.

ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત નવા પીંપળજ ગામની અંદાજે ૬૦૦ વીઘાથી વધુ જમીન કપાતમાં જાય છે જેમાં આઠ જેટલાં બોરવેલ અને આશરે ૪૦થી વધુ મકાનો પણ આવી જાય છે તેવું જણાવતાં પીંપળજ અસરગ્રસ્ત ખેડૂત મંડળના મહામંત્રી વિજયસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે "આ પ્રોજેકટના કારણે ખાસ કરીને ખેડૂતોની જમીનના સર્વે નંબરો જેમાં તેમના વસાહત માટેના મકાનો અને પિયત જમીન જેમાં ટ્યુબવેલ કે બોરવેલને અસર થાય છે તેવા અસરગ્રસ્ત ખેડૂતો ચિંતાતુર બન્યાં છે. થોડા સમય પહેલાં મહેસાણાથી કેટલાંક વ્યક્તિઓએ આવીને અમારા ગામમાં ભારતમાલા પ્રોજેક્ટ માટે જમીન માપણી કરીને તેના પિલ્લર એટલે કે ખૂંટ લગાડ્યાં હતાં પરંતુ હવે જે ભારત સરકારે જે ગેજેટ બહાર પાડ્યું છે તેમાં તેના કરતાં વિપરિત પરિસ્થિતિ દર્શાવાઈ છે, પહેલાં જે રોડ સીધો પસાર થવાનો હતો તેમાં કપાતમાં સરકારી જમીન વધુ જતી હતી તેમજ માત્ર એક જ બોરવેલ અને ત્રણેક મકાન કપાતમાં જતા હતા પરંતુ હવે રોડને હવે વળાંક આપી દેવામાં આવ્યો છે જેના કારણે અમે ખેડૂતોને અસર પહોંચી રહી છે બીજી તરફ કેટલાંક મોટા માથાની જમીનો જે અગાઉના સર્વેમાં કપાતમાં જતી હતી તેને ગામના નાના ખેડૂતોના ભોગે બચાવી લેવાઈ છે તેવું સ્પષ્ટ જણાય છે."

"અમારું આશરે ૫૦૦ ઘરમાં લગભગ દોઢ-બે હજારની વસ્તી ધરાવતું નાનું ગામ છે. અમે અમારી વાત સ્થાનિક ધારાસભ્યને તો રજુ કરી છે તેમજ સાંસદ અમિતભાઇ શાહ સમક્ષ રજુ કરવા કોશિષ કરી હતી પણ તેમણે અમને સમય આપ્યો નથી. અમારા સાંસદ તરીકે તેમણે અમારી વાત સાંભળવી જોઈએ પરંતુ તેવું તેમણે કર્યુ નહીં એટલે હવે અમે ન્યાય માટે લડત આપવાનો નિર્ધાર કર્યો છે. અમારા ખેડૂતભાઈઓ માટે તો સર્વસ્વ જતુ રહે જેથી જીવનનિર્વાહનો પ્રશ્ન બની જાય એમ છે. સરકાર ઈચ્છે તો સુંદરવન નામની સરકારી હસ્તકની જગ્યા અમને ફાળવી શકે છે. અમે ભારતીય કિસાન સંઘ સાથે મંત્રણા કરી છે અને આગામી તા.૧૧મીથી અમે તેમની સાથે લડતમાં જોડાવાનો નિર્ધાર કર્યો છે."



"ભારતમાલા પ્રોજેક્ટમાં ભારત સરકારે જે ગેજેટ બહાર પાડ્યું છે તેમાં ગામના લગભગ ૧૪૦ ખેડૂતોની અંદાજે ૬૦૦ વીઘાથી વધુ જમીન કપાતમાં જાય છે જેમાં આઠ જેટલાં બોરવેલ અને આશરે ૪૦થી વધુ મકાનો ઉપરાંત મહર્ષિ અત્રિ સ્કૂલ નામની શાળા પણ આવી જાય છે. ડૂબતો તરણું ઝાલે એમ અમે ધારાસભ્યથી માંડીને સંસદસભ્ય સુધી રજુઆત કરવા પ્રયાસ કર્યો છે. સરકારે અમને વળતર સાથે અમારી ફળદ્રુપ જમીન જેવી જ જમીન સામે જમીન આપવી જોઈએ. અમને ભારતીય કિસાન સંઘે ન્યાય અપાવવાનો સધિયારો આપ્યો છે. અમે જરૂર પડે ધરણાં, ઉપવાસ આંદોલન, ચક્કાજામ કે મતદાનનો બહિષ્કાર પણ કરીશું પરંતુ અમારી વારસાગત મહામૂલી જમીનો આસાનીથી જવા નહીં દઈએ."

**- યોગેન્દ્રસિંહ વાઘેલા**
**પ્રમુખ, અસરગ્રસ્ત ખેડૂત હિતરક્ષક સમિતિ, પીંપળજ**







# બેસ્ટ સિંગર ઓફ ધ સીટી સંગીત સ્પર્ધા અને ગણપતિ વિસર્જન

ગાંધીનગર, તા. ૬

'મિનાક્ષી મેમોરીયલ ટ્રસ્ટ'નાં સૌજન્યથી 'બેસ્ટ સિંગર ઓફ ધ સીટી' ફિલ્મી ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધા ગૃપ એ-૬ થી ૧૫ વર્ષ, ગૃપ બી ૧૬ થી ૪૦ વર્ષ, ગૃપ સી - ૪૧ થી વધુ વર્ષ એમ ૩ વિભાગમાં વહેંચાયેલી હતી. આ કાર્યક્રમનાં નિર્ણાયક તરીકે ઉદય શુકલા, સુરેશ રત્નોકર તેમજ પિનાકીન વ્યાસે સેવા બજાવી હતી.

આ દરેક વયજૂથમાંથી ૩ ગાંધીનગરના બેસ્ટ સુરીલા સિંગર્સની પસંદગી કરવામાં આવી હતી તેમજ વિજેતા ગાયકોને ગીફ્ટ આપવામાં આવી હતી.

ગૃપ-એ (૬ વર્ષથી ૧૫ વર્ષ)માં હાર્દિલ શ્રીમાળી, કેયુર કલાલ, વિહાણ વોરા, ગૃપ-બી (૧૬ વર્ષથી ૪૦ વર્ષ) રીશીરાજ પરમાર, અમીષા સોલંકી, હિરલ દવે, ગૃપ-સી (૪૧ વર્ષથી વધુ)માં કેયુર વોરા, નીલેશ બારોટ, ડૉ. રાજેશ મારૂ રહ્યા હતા.

ગણેશદાદાની આરતીમાં બ્રહ્માકુમારી કૃપલ દીદી, બ્રહ્માકુમારી મનીષા દીદી, બ્રહ્માકુમારી કિરણદીદી, બ્રહ્માકુમારી મોનાલી દીદી તેમજ કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લીમીટેડના કમલકિશોર જૈન, સમિતિનાં અધ્યક્ષનાં શિક્ષક શૈલેશભાઈ પંડ્યા, મુકેશ જાની સાહેબ તથા શ્રીમતી ફાલ્ગુનીબોન જાની, બ્રહ્મસમાજના મોભી શ્રીમતી કુસુમબોન જોષી, નાગરિક બેંકના વિપુલભાઈ પટેલ, બ્રહ્મસમાજના અગ્રણી તથા એમ.ડી. દૂધ મંડળીના રાજેશભાઈ પંચોલી, પ્રમુખ સેક્ટર-૭-એ વસાહત મંડળના જશવંતભાઈ ગાંધી, ખજાનચી ભદ્રેશભાઈ શાહ અને મંત્રી અશોકભાઈ, નહેરુ યુવા કેન્દ્ર તથા સંચાલક યુથ હોસ્ટેલનાં રજનીકાંતભાઈ સુથાર, ચુસ્ત સેવક શ્રી અક્ષરધામ મંદિર અને ચરોતર સ્વીટ માર્ટના માલિક અશોકભાઈ બોરસદવાળા, રાજેન્દ્રસિંહ વાઘેલા હાજર હતા. આ કાર્યક્રમનો લાભ અબાલવૃદ્ધો સૌએ સાથે મળીને લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શૈલેશ પવારે કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં રાકેશ જાની, મિતુલ જોષી, વૈભવ જાની, હિરેન શાસ્ત્રી, મુકેશ મારૂએ મુખ્ય યોગદાન આપ્યું હતુ. બધા ગાયક કલાકારોએ સુરીલા ગીતો ગાઈને રંગમંચ પર હાજર દર્શકોનું મન મોહી લીધુ હતું.






# દહેગામ અર્બન આરબીએસકે ટીમનું અદ્‌ભુત સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૬

અથાગ મહેનતના પરિણામ સ્વરૂપે એક બાળકને અપંગતાથી બહાર લાવીએ એ માત્ર સફળતા નહી પરંતુ બાળકને મળેલ નવજીવન છે. આ બાળક હિરલબેન બચુભાઈ ભરવાડ, રામજીના છાપરા દહેગામમાં રહેતું ક્લબ ફૂટ સાથે તારીખ ૩૦ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ જન્મ થયો ત્યારબાદ દહેગામ અર્બન આરબીએસકે ટીમ મારફતે તેમની મુલાકાત લઈ તેમને ક્લબ ફુટ અંતર્ગત સંપૂર્ણ સારવાર અને સંદર્ભ સેવાઓ વિશે માતા-પિતાને વાકેફ કર્યા પરંતુ બાળકીના માતા-પિતા આ સેવા લેવા માટે તૈયાર ન હતા કે સારવાર કરવા માટે અમે નહી જ જઈએ ત્યારબાદ સામાજિક સ્વઘર પરિવર્તનના ભાગરૂપે જિલ્લાકક્ષાના સોશિયલ બિહેવિયર ચેન્જ કોમ્યુનિકેશન ટીમ ડૉ. નેહલ ગજેરા, કેયુર જયસ્વાલ તથા ડૉ. નિર્મલ જયસ્વાલ, ડૉ. ધારા કાકડીયા અને તેમની આરબીએસકે ટીમની સાથે ૧૮ ઓગષ્ટ ૨૦૨૨ના રોજ બાળકીના માતા-પિતા અને સગા-સંબંધી સાથે બાળકીના આ ઓપરેશન બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ બાળકીના પરિવારના સભ્યોમાં વ્યવહારિક પરિવર્તન આવે તે રીતેવિશ્વાસમાં લઈને તેઓને સમજાવવામાં આવ્યા અંતે બાળકીના માતા-પિતા સારવાર માટે તૈયાર થયા. તારીખ ૨૩ ઓગષ્ટે હિરલને આરબીએસકે ટીમ તેના માતા-તિા સાથે સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે સારવાર માટે લઈ આવ્યા ત્યારબાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે બાળકીની સારવાર શરૂ કરવામાં આવી એક નાનકડી દીકરીનું સ્વપ્ન મારે પણ પગમાં ચંપલ પહેરવા છે જે જે સાતત્ય થવા માટે આરબીએસકે ટીમ તાલુકા આરોગ્ય અધિકારી દહેગામ જિલ્લા રસીકરણ અધિકારી ગૌતમ નાયક ગાંધીનગર જિલ્લા પંચાયત તે મૂળ આભારી છે.





ગાંધીનગર, તા.૬

પોષણ સપ્તાહની ઉજવણી ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાના બાલવા ગામના સાર્વજનિક દવાખાના ખાતે પ્રા.આ.કેન્દ્ર સોજા દ્વારા સગર્ભા બહેનોનો મેડિકલ ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો હતો . આ કાર્યક્રમ માં આવેલ બાલવા ગામની સગર્ભા બહેનોને બાલવા ગામના વતની અને હાલ યુએસએ નિવાસી કુ. ઝીલના જન્મદિવસ નિમિતે પોષણ કીટ આપવામાં આવી હતી. જેમાં ( ૫૦૦ ગ્રામ ઘી, ૫ કિલો ગોળ, ૫૦૦ ગ્રામ ખજૂર તથા ૧ કિલો મગ) વિતરણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં જીલ્લા અધિકારી આર.સી.એચ.ઓ ડૉ. એ.જે.વૈષ્ણવએ હાજરી આપી હતી. તમામ સગર્ભા બહેનોને પોષણયુક્ત આહારનું મહત્વ, માતાના ધાવણનું મહત્વ, બાળકના અને માતાના રસીકરણ તેમજ આરોગ્યલક્ષી તમામ યોજનાઓ વિશેની વિગતવાર માહિતી આપી હતી. આ કાર્યક્રમ માં માણસા તાલુકાના તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.પી. ડી.પાટીલ, સોજા પ્રા.આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ.પરેશ તેમજ આરોગ્ય સ્ટાફ દ્વારા હાજરી આપી હતી.



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની કાંઠા પ્રાથમિક શાળામાં ૫ સપ્ટેમ્બરે ખૂબ જ આનંદ ઉલ્લાસ સાથે શાળાના બાળકોએ એક દિવસ માટે શિક્ષક બનીને શિક્ષક દિનની ઉજવણી કરી હતી.



ગાંધીનગર, તા.૬

હરીયાણા કુરુક્ષેત્ર ખાતે યોજાયેલ NKFI 3RD NATIONAL KARATE CHAMPIONSHIP 2022 માં માતાપુરા ગામના વતની યાના વિષ્ણુભાઈ ચૌધરી એ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી માતાપુરા ગામ તેમજ ૨૭ આંજણા ચૌધરી સમાજ નું ગૌરવ વધાર્યુ છે. આ સ્પર્ધાની સંપૂર્ણ ટ્રેનિંગ કોચ સુરેશ પરમારના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું.

# સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ખાતે બીએસએફ દ્વારા માર્ગદર્શન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૬

સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ભાટ ખાતે બોર્ડર સિક્યુરિટી ફોર્સ, ભારત સરકાર અને સંસ્થાના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ૧૦૦થી વધુ પ્રાધ્યાપક અને ૫૦૦થી વધુ વિદ્યાર્થી મિત્રોએ બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનો સાથે ઉમેળકાભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સના જી એસ મલિક(આઈજી) અને બોર્ડર સિક્યુરિટી ફોર્સના એમ એલ ગર્ગ (ડીઆઈજી) તથા રાજેન્દ્ર રાઠોડ (આસિસ્ટન્ટ કમાન્ડન્ટ), વિકાસ કરવાસા (આસિસ્ટન્ટ કમાન્ડન્ટ) અને બોર્ડર સિક્યુરિટી ફોર્સના ઉચ્ચ અધિકારીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં બીએસએફ ગુજરાત ફ્રન્ટના આઈજી જીએસ મલિક દ્વારા ઈજનેરી શાખાના દરેક વિદ્યાર્થીઓને બોર્ડર સિક્યુરિટી ફોર્સની કામગીરી અને વિવિધ પ્રકારના વિભાગોની માહિતી આપી અને બીએસએફમાં કેવી રીતે ટેકનિકલ વિંગમાં જોડાઈ શકાય તે વિશે જણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સના બ્રાસ બેન્ડનો મ્યુઝિકલ સેશન પણ રાખવામાં આવ્યું હતું. જેમાં દેશભક્તિ ગીતો દ્વારા આખું વાતાવરણ રાષ્ટ્રપ્રેમની ભાવનાથી જળહળી ઉઠ્યું હતું.

બોર્ડર સિક્યુરિટી ફોર્સ દ્વારા ઉચ્ચ કક્ષાના અધિકારીઓની હાજરીમાં ગુજરાત રાજ્ય ખાતે સૌપ્રથમ આ પ્રકારના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી વિદ્યાર્થીઓને મલ્ટીનેશનલ કંપની સિવાય આપણા દેશની સુરક્ષા કરતી સિક્યુરિટી ફોર્સમાં કે ડિફેન્સમાં જોડાવું જોઈએ તે બાબતે દરેક વિદ્યાર્થી મિત્રોને આવાહન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં સંસ્થાના ધર્મેશ વંડરા, ડૉ. હિતેશ વંડરા, ડૉ.વિજયકુમાર ગઢવી, ડૉ. રમેશ પ્રજાપતિ, સર્વે સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો




પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ કેમ્પસની ઘાસ, કચરો, વીણીને સફાઈ કરવામાં આવી હતી અને ચોમાસામાં થતા રોગો મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગોથી બચવા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો અને આ કાર્યક્રમમાં ૫૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. કોલેજના આચાર્ય એમ.એમ. ચૌધરીના સાથ સહકારથી આ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીનીઓને ચોમાસાની ઋતુમાં થતા રોગોથી બચવા ઘરે તેમજ કોલેજમાં સ્વચ્છતા જાળવણી વિશે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન એનએસએસના પ્રોગામ ઓફીસર ડો.સજજનબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## નિસર્ગ કોમ્યુનિટી સેન્ટર ખાતે સાયન્સ સેમીનારનું આયોજન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓ નેશનલ લેવલની ઈવેન્ટ માં ભાગ લે તે સારું નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર ગાંધીનગર દ્વારા, ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ,ગુજરાત સરકાર) ના ઉપક્રમે જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનારનું આયોજન તા.૦૮/૦૯/૨૦૨૨, ગુરુવાર ના રોજ સવારે ૯:૦૦ કલાકે યોજાશે. આ વર્ષે સેમીનારનો વિષય Basic Sciences for Sustainable Development : Challenges & Prospects એટલે કે ''ટકાઉ વિકાસ માટે મૂળભૂત વિજ્ઞાન:પડકારો અને સંભાવનાઓ'' છે.

# ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ ખાતે સર્જનાત્મક અભિવ્યક્તિ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૬

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં તાજેતરમાં સર્જનાત્મક અભિવ્યક્તિનો કાર્યક્રમ 'સંવાદ' અંતર્ગત યોજાઈ ગયો. જેમાં ૨૭ વિદ્યાર્થીઓએ પોતાના દ્વારા સર્જેલ કવિતા, ગઝલ અને અન્ય સાહિત્ય સ્વરૂપોનું પઠન કર્યુ. વિદ્યાર્થીઓએ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાઓમાં પોતા જ દ્વારા સર્જેલ કૃતિઓનું રસપ્રદ શૈલીમાં પઠન કર્યુ. કોલેજની 'સંવાદ' પ્રવૃત્તિ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ખુબ જ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી પણ આપી અને રજૂ થયેલ રચનાઓને ખુબ જ ઉત્સાહથી બિરદાવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્ય ડૉ. હરિતભાઈ પટેલે સર્જનાત્મક અભિગમ કેળવવા તેમ જ આવા પ્રકારના અભ્યાસ કરવાના ફાયદા જણાવી પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ કાર્યક્રમમાં 'સંવાદ' સમિતિના સભ્યો પ્રા. તેજસ શાહ, ડૉ. મનુભાઈ પરમાર અને પ્રા. પાયલબેન પંડ્યા, તેમ જ ડૉ. હિનાબેન મહેતા, ડૉ. રાકેશ પ્રજાપતિ અને ડૉ. વિશાલ પંચોલીએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.